Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# અસ્પૃશ્યતા નિવારણ અર્થે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો

**Gandhiji's Constructive Programs for Untouchability**

ડૉ. હસમુખ પંચાલ
મ.પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા. 9429732401,
hasmukhp13@gmail.com

**ટૂંકસાર –**

ગાંધીજીએ બહું ટૂંકી વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, " જીવમાત્રની સાથેનો ભેદ મટાડવો તે અસ્પૃશ્યતા નિવારણ." અને " અસ્પૃશ્યતા નિવારવી એટલે જગત માત્ર સાથે મૈત્રી રાખવી." આ બંને વ્યાખ્યાઓ મારફત બાપુએ અસ્પૃશ્યતા રૂપી પ્રશ્નની તાત્ત્વિક ભૂમિકા આપણને સમજાવી છે. ગાંધીજીએ પોતાની જાતને ચુસ્ત સનાતની કહેવડાવવા છતાં અસ્પૃશ્યતાના ઘોર કલંકને એમણે હિંદુ ધર્મનું ભયંકરમાં ભયંકર પાપ ગણાવ્યું હતું ને એના નિવારણ માટે પ્રસંગ આવ્યે પોતાના જીવનને પણ હોડમાં મૂક્યું હતું એ આપણે સૌ જાણીએ છીએ. ગાંધીજી જ્યારે બ્રિટિશ સરકાર અને તે જેનું પ્રતિનિધિત્વ કરી રહી હતી તે સભ્યતા સામે લડત આપી રહ્યા હતા, ત્યારે ગાંધી પાસે પોતાનું સ્વપ્નાનું ભારત કેવું હશે તેનું દર્શન હતું. જેના વિશે વાતો કરતાં ગાંધી થાકતા નહોતા તેવા " રચનાત્મક કાર્યક્રમો " તેમના એ સ્વપ્નનો આછો ખ્યાલ આપતા હતા. લડતને અહિંસક સમાજ સાથે સાંકળી લેતા કાર્યક્રમો એ ગાંધીનું આયોજન હતું. ખરેખર એ એક નૂતન વિચારધારા હતી અને એથી તેને વ્યક્ત કરવા નવો શબ્દ જરૂરી હતો. ગાંધીજીએ બિલકુલ જૂના જેવો સંભળાય એવો જ " રચનાત્મક કાર્યક્રમ " શબ્દ ચલણી કર્યો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો માં અસ્પૃશ્યતા નિવારણ નું ખુબ મહત્વ રહેલું. દ્વિતીયક માહિતી આધારિત આ સંશોધન પેપરનું મુખ્ય હાર્દ ગાંધીજીનાં અસ્પૃશ્યતા નિવારણ અર્થે રચનાત્મક કાર્યક્રમો રજૂ કરવાનો છે.

**ચાવીરૂપ શબ્દ –** ગાંધીજી, અસ્પૃશ્યતા નિવારણ, રચનાત્મક કાર્યક્રમો,

## 1. પ્રસ્તાવના –

" રચનાત્મક કાર્યક્રમો " ગાંધીના ભાવિ દર્શનની રૂપરેખા આપતા હતા. ઉપરાંત આ કાર્યક્રમ ઘણા વ્યવહારુ તેમજ નક્કર વાસ્તવ પર ઉભો હતો. વ્યવહારુ આદર્શવાદી ગાંધીની દ્રષ્ટિ ભલે આદર્શ પર હોય. એના પગ હંમેશા જમીન પર ટકેલા હતા. એમનો દાવો પણ એવો હતો કે એ કાર્યક્રમ અન્ય કોઈપણ કાર્યક્રમ જેવો જ કાર્યક્રમ હતો બલ્કે વધુ ઉત્તમ કાર્યક્ષમ હતો. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો માં અસ્પૃશ્યતા નિવારણએ પાયાનો કાર્યક્રમ રહેલો. હરિજનો ઉપર થતાં જોરજુલમને અત્યાચારથી દ્રવીને બાપુએ પોતાના અંતરની વેદના આ શબ્દોમાં

ઠાલવી છે.- " હું ફરી જન્મ લેવા ઈચ્છતો નથી, પણ જો મારે ફરી જન્મ લેવો જ પડે તો મારે અસ્પૃશ્ય તરીકે જન્મવું છે, જેથી હું તેમના દુ:ખો, કષ્ટો અને તેમને વેઠવા પડતાં અપમાનોમાં ભાગ લઈ શકું અને પરિણામે મારી જાતને અને તેમને એ દુ:ખદ અવસ્થામાંથી છોડાવવા પ્રયાસ કરી શકું. આથી હું એવી પ્રાર્થના કરું છું કે જો મારે ફરી જન્મ લેવો પડે તો મને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્રનો નહીં, પણ અતિશુદ્રનો જન્મ મળજો." આ ગાંધીજીનો અસ્પૃશ્યતા અંગેનો અભિગમ દર્શાવે છે અને તેઓ ભારત દેશ માંથી તેનો નિકાલ કરવા ઈચ્છતા હતાં. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસલેખ લખવાના બે ઉદ્દેશ્યો રહેલાં છે.

**ઉદ્દેશ્ય** – 1. રચનાત્મક કાર્યક્રમ અંગે ગાંધીજીના વિચારો જાણવા.

2. અસ્પૃશ્યતા નિવારણ અર્થે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો જાણવા.

**સાહિત્ય સમીક્ષા-**

**ભારતમાં** રચનાત્મક કાર્યો જે વીસમી સદીના બીજા દાયકાની શરૂઆતમાં કેવળ ત્રણ હતા અને 1947 અગાઉ વધીને 18 થયા એ ગાંધીજીની વિશેષતા ગણી શકાય. ગાંધીજીએ સત્યના પ્રયોગોમાં જાજરૂથી માંડીને જીવન- આત્મા સુધીની સ્વચ્છતા ની સમજ આપી છે. મહાત્મા ગાંધી રચીત પુસ્તકો, મારા સ્વપ્નનું ભારત, ગ્રામ સ્વરાજ, વગેરેમાં સ્વચ્છતા અને અસ્પૃશ્યતાની સ્પષ્ટતા કરેલ છે. ગુણવંત શાહે ,ગાંધીના ચશ્માં પુસ્તકમાં ઝાડુ અને અસ્પૃશ્યતાની વાતો કરી છે. પટેલ મગનભાઇ એ ગાંધીજીનું ધર્મદર્શન પુસ્તકમાં અસ્પૃશ્યતા અંગે ગાંધીજીના વિચારો દર્શાવેલ છે. નારાયણ દેસાઈએ મારાં ગાંધી પુસ્તકમાં અસ્પૃશ્યતા અને તે એક રચનાત્મક કાર્યક્રમ તરીકેની વિશિષ્ટતા દર્શાવી છે. રમણ મોદીના પુસ્તક રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન માં રચનાત્મક કાર્યક્રમ અને અસ્પૃશ્યતા એક રચનાત્મક કાર્યક્રમ તરીકે સમજ આપી છે. દશરથલાલ શાહનું પુસ્તક રચનાત્મક કાર્યક્રમ-આજના સંદર્ભમાં, જેમાં અસ્પૃશ્યતા ની રચનાત્મક કાર્યક્રમ તરીકેની મહત્તા દર્શાવી છે. ગાંધીજીએ આપેલ રચનાત્મક કાર્યક્રમોમાં એક મહત્વના કાર્યક્રમ તરીકે સ્વચ્છતા અને અસ્પૃશ્યતા છે. આ બાબતો માંથી પ્રસ્તુત અભ્યાસમાં અસ્પૃશ્યતા નિવારણ અર્થે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો ને જાણવાનો પ્રયાસ છે.

2. **સંશોધન પદ્ધતી –**

ઐતિહાસીક પદ્ધતી દ્વારા શોધ કાર્ય કર્યુ છે. દ્વિતિયક માહિતીનો ઉપયોગ શોધ કાર્યમાં કર્યો છે. જેમાં પૂર્વ અભ્યાસો, સંશોધનલેખ, પ્રકાશિત સાહિત્ય તથા વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતી, ત્રીજા ભાગમાં વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે

**3.1 રચનાત્મક કાર્યક્રમ અંગે ગાંધીજીના વિચારો –**

**ગાંધીવિચાર** જીવનના બધાં પાસાંઓને આવરી લેતો વિચાર છે, એ ખંડ વિચારસરણી નથી પણ અખંડ જીવનને સ્પર્શતી, તેને સુધારવા કે બદલવા મથતી એક ક્રિયાત્મક વિચારણા છે. એનું આ પાયાનું તત્ત્વ સમજાય તે ખૂબ મહત્વની બાબત છે.

મહાત્મા ગાંધીજીના જીવનની અદ્વિતીય કહી શકાય એવી ખૂબી એ છે કે તેમનું જીવન અને કાર્ય અવિભાજ્ય છે. તેમના બધા કાર્યક્રમો તેમના જીવન કાળ દરમ્યાન પ્રયોગોમાંથી ઊભા થયાં છે. આને કારણે ઘણાને એવો ભ્રમ થાય છે કે તેમના કાર્યક્રમો તેમના જીવન કાળ પૂરતા જ હતાં અને તેમની વિદાય પછી તે કાર્યક્રમોનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. આ ભ્રમ એ નિરાધાર છે. તેમના રચનાત્મક કાર્યક્રમોમાં ખંડનને બદલે રચના પર ભાર છે, વિઘટન કે વિનાશને બદલે સર્જન ઉપર ભાર છે, સર્જન કે નવરચનાની પ્રક્રિયા એવી રીતે થાય છે કે જૂની વ્યવસ્થાનું વિઘટન તેમાં આપોઆપ થાય છે. ગાંધીજીની કાર્યપદ્ધતિની આ ખૂબી એ કોઈપણ સામાજિક ક્રાંતિના ઈતિહાસમાં અપૂર્વ છે. રચનાત્મક કાર્યક્રમને ગાંધીજીએ સત્યાગ્રહનો પર્યાય કહ્યો હતો. એટલે સમાજ પરિવર્તનના સહુ વિધેયકો જો હૃદયપૂર્વક રચનાત્મક કાર્યક્રમોનો અમલ કરે તો અન્યાય નિવારણ માટે શાંતિમય અહિંસક પ્રતિકાર કરવાની જરૂર પણ ઊભી ન થાય. અહિંસક પરિવર્તનની પ્રક્રિયામાં જો કે સત્યાગ્રહનું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. પણ જો રચનાત્મક કાર્યક્રમનો વ્યાપક સ્વીકાર થાય તો સત્યાગ્રહનો આશરો લેવાના પ્રસંગો ક્વચિત જ રહે. આમ કહેવાનો ઉદ્દેશ સત્યાગ્રહનો બાધ કરવાનો નથી. સત્યાગ્રહનો ઉદ્દેશ અહિંસક સમાજરચના સિદ્ધ કરવાનો છે. આ ઉદ્દેશ રચનાત્મક કાર્યક્રમો વ્યાપક રીતે અપનાવવાથી અસરકારક રીતે પાર પડી શકે તેમ છે. ગાંધીએ આપેલાં અસ્પૃશ્યતા નિવારણ અર્થે રચનાત્મક કાર્યક્રમોને સમજીશું તો આ બાબતોની સ્પષ્ટતા પ્રગટ થશે. આશ્રમના અધ્યાત્મપરાયણ, વ્રતનિષ્ઠા અને પરિશ્રમી સામુદાયિક જીવન દ્વારા ગાંધીજીએ અનેક રચનાત્મક કાર્યક્રમો પેદા કરેલા. દેશભરમાંથી અનેક સેવાપરાયણ લોકો આશ્રમમાં આવ્યા હતા અને ત્યાં તાલીમ લઈને પોતપોતાના ક્ષેત્રમાં રચનાત્મક કામો શરૂ કરેલાં.

**3.2 અસ્પૃશ્યતા નિવારણ અર્થે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો –**

ગાંધીજી વિચારોમાં પણ ગતિશીલ હતા. જો કોઈ સમસ્યા સમગ્ર દેશના જીવનને પંગુ બનાવતી હોય. તે સમસ્યા નિવારણ માટે તેઓ કામે લાગતા ને તે માટેનો રચનાત્મક કાર્યક્રમો શરૂ કરતા. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોથી અસ્પૃશ્યતા નિવારણ અંગેની પ્રેરણા મળી, જે કાર્યક્રમો નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) અસ્પૃશ્યતા અને વેદ –**

સાંસ્કૃતિક ક્ષેત્રમાં રચનાત્મક કાર્યક્રમ અસ્પૃશ્ય નિવારણ, ગૌસેવા, ગ્રામ સફાઈ અને નશાબંધીને આવરી લેતો હતો. આખા દેશમાં ગુણવત્તા સુધારવાનું આ કાર્યક્રમોનું લક્ષ્ય હતું. ગાંધીને એ વાતે અફસોસ હતો કે દેશવાસીઓમાં સામાજિક સાફ સફાઈ અંગે સમજ કેળવાઈ

નહોતી. તેઓ ઈચ્છતા હતા કે રચનાત્મક કાર્યક્રમો દેશના ગામડાંને ખરા અર્થમાં સ્વચ્છતાના નમૂના બનાવે. ગાંધીએ કહેલી આ ઉક્તિઓ ઘણી જાણીતી થઈ છે " હું નથી ઈચ્છતો કે મારા ઘરની ચારે બાજુએ દીવાલો ચણાઈ હોય તેમજ મારી બારીઓ બંધ કરી દેવાઈ હોય. હું તો ઈચ્છુ છું કે તમામ ભૂમિના સાંસ્કૃતિક વહેણો મારા ઘરની આસપાસ સદા મુક્તપણે વહેતા રહેતા હોય. પરંતું કોઈનાય દ્વારા મારા પગ ઉખાડી દેવાય તે વાતે હું મક્કમ ઈન્કાર કરીશ. " આ રચનાત્મક કાર્યક્રમોનું સમગ્ર સાંસ્કૃતિક પરિણામ, ભારતવર્ષની સભ્યતાના આધારસંહિત વિશ્વની સભ્યતાના શ્રેષ્ઠ તત્ત્વોનું સંમિશ્રણ હતું. આ જ કારણ હતું કે શા માટે તેઓ પોતાનાં જીવન-કથનનાં મૂળમાં " ગીતા " ની શીખ હોવાનું વિચારતા તે એટલે સુધી કે, જો કેઈ તેમને એવું સાબિત કરી આપે કે અસ્પૃશ્યતા વેદોએ શીખવી છે તો એવી અસ્પૃશ્યતા ની પ્રથા સ્વીકારી લેવાને બદલે વેદોને ફગાવી દેવાનું તેમણે ઉચિત માન્યું હોત.

**(2) સ્વરાજ્ય – ઈમારતની પ્રથમ દીવાલ –**

અસ્પૃશ્યતા નિવારણ એ સ્વરાજ્ય ઈમારતની પ્રથમ દીવાલ છે. સમગ્ર પ્રજાજીવનમાં આને એક રચનાત્મક કાર્યક્રમ તરીકે કઈ રીતે અમલમાં મૂકવો જોઈએ તે અંગે વિચારીએ તો હિંદુ ધર્મ અતિ પુરાણો હોવાથી તેમાં અનેક ખૂબીઓ અને વિશેષતાઓ પણ છે. સાથે-સાથે તેમાં કેટલાક દૂષણો પણ ઘૂસી ગયા છે, જેમાંનું એક અસ્પૃશ્યતા છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં જે રંગભેદની નીતિ જોઈ, તેનાં મૂળ તેમને આપણી અસ્પૃશ્યતા માં દેખાયાં, એટલે આ દેશમાં આવતાં જ તેમણે જે અનેક રચનાત્મક કાર્યક્રમો આપ્યા તેમાં અસ્પૃશ્યતા નિવારણને ગણી શકાય. અસ્પૃશ્યના મૂળ સદિઓ જૂનાં છે. જેને દૂર કરવા સદીઓથી અનેક સંત-મહાત્માઓએ પ્રયત્નો કર્યા છે. મધ્યકાળમાં સંત કબીરદાસે તો કહ્યું કે, " હરિકો ભજે સો હરિકા હોઈ " ન્યાતજાત ને ઊંચનીચના ભેદભાવો દૂર કરવા સંતોએ ઘણા પ્રયત્નો કર્યા છે. મધ્યકાળના ઘણાખરા સંતો સમાજના આ કહેવાતા નીચલા ઘરમાંથી જ આવેલા છે. તેમને તે કારણે અનેક મુસીબતો ઉઠાવેલી, તે આપણે જાણીએ છીએ.

વીસમી સદીમાં ગાંધીજીએ આ કાર્યને અગ્રસ્થાન આપ્યું ને કહ્યું, " સ્વરાજ્યની ઈમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઈ બેઠા છીએ, તેનો જ આ એક ભાગ છે. "

**(3) અસ્પૃશ્યતાની શરતે સ્વરાજ ન ખપે –**

અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના વખતે તેના નિયામક મંડળમાં હરિજનોને વિદ્યાપીઠમાં દાખલ કરવા અંગે મતભેદ પડ્યો હતો. છેવટે બાપુએ નિર્ણય કર્યો કે હરિજનોને દાખલ કરવા જ જોઈએ. ગાંધીજીના આ નિર્ણયની જાણ તરત જ પ્રસરી ગઈ. મુંબઈના ચાર-પાંચ ધનિકો વિદ્યાપીઠને પાંચસાત લાખ રૂપિયાનું દાન કરવા આવ્યા હતા. તે પ્રસંગે તેઓએ ગાંધીજીને વિનંતી કરી કે હરિજનોને દાખલ ન કરવા, ત્યારે તેમણે જે લાક્ષણિક જવાબ આપ્યો, તે ઉપરથી આ પ્રશ્ન તેમને મન કેટલો મહત્વનો હતો તે જણાઈ આવે છે. ગાંધીજીએ કહ્યું, "

વિદ્યાપીઠના ભંડોળની વાત તો જુદી છે, પણ અસ્પૃશ્યતા કાયમ રાખવાની શરતે મને સ્વરાજ પણ આપવામાં આવે તો તે મને ન ખપે."

**(4) ફિનિક્સ આશ્રમ –**

દક્ષિણ આફ્રિકામાં ઈ.સ. 1904 માં જ્યારે ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી સામુદાયિક જીવનનો એમણે આરંભ કર્યો ત્યારે અસ્પૃશ્યો સાથે એકરૂપ થવા જાજરૂ સફાઈનું કામ એમણે હાથ ધર્યું. એ વખતે આશ્રમમાં આવેલા મહેમાનોનાં હલકામાં હલકાં ગણાતાં સફાઈકામ, સુધ્ધાં કામો કરવાનો તે ખાસ આગ્રહ રાખતા. જ્યારે જ્યારે આશ્રમવાસીઓ એમને એ બધાં કામોમાં પોતાનો કીમતી સમય ન બગાડવા વિનવતા ત્યારે ગાંધીજી એમને કહેતા, "જે કામ કરવાનું છે તે પાર પાડવાનું છે, તેમાં ઊચા કે નીચા જેવો ભેદ નથી. જો કોઈ કામ હું ન કરી શકું એવું મેલું ગણાય, તો કોઈ ગરીબ હરીજનને માટે પણ તે મેલું જ ગણાવું જોઈએ, ને તેની પાસે પણ એ ન કરાવાય, કેમ કે એ પણ મારા જેવો જ માણસ છે."

જે કામને કારણે હરિજનો અસ્પૃશ્ય ગણાય છે તે કામ સવર્ણો પોતે કરતા ન થાય ત્યાં સુધી અસ્પૃશ્યતા નિવારણનું કામ અશક્ય છે, એ વાતની પ્રતીતિ ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં થઈ હશે એમ ઉપરના કથનથી માલુમ પડે છે. ભારતમાં આ કામ માટે એમણે કેવું અપૂર્વ આંદોલન ઉપાડી રચનાત્મક કાર્યક્રમો કર્યા તે ખૂબ જાણીતા છે.

**(5) હરિજન ભાઈઓની સભામાં ગાંધીજી-**

1928 નાં માર્ચ મહિનામાં ધીકાંટા પર આવેલા મગનભાઈની વાડીના વિશાળ ચોગાનમાં હરિજન ભાઈઓની સભામાં ગાંધીજીએ જાણ્યું કે મહાજન બંધાયા પછી દારૂની બદી ઓછી થઈ ગઈ છે તે જાણી એમને આનંદ થયો. હરિજનોની સ્થિતિ બહુ કપરી હતી અને તેથી તેમના દિલમાં કેટલાક પ્રત્યાઘાતો પણ થયેલા. તેઓ પાયખાનાં ને શેરીઓની સફાઈનું કામ કરતા. તેમને અંગેની આભડછેટ સમાજમાં બહુ કડક હતી. તેમને શહેરમાં કોઈ અડકે નહીં એટલે એમને બીજા કામો તો મળી શકે જ નહીં અને તેથી એમના કામમાં બીજો કોઈ ન આવે તેમનો આગ્રહ આ પરિસ્થિતિને કારણે સ્વાભાવિક બન્યો હતો. તેઓ એ કામને પોતાના ઈજારારૂપ ગણતા હતા. મિલોનાં ખાતાઓમાં પણ જ્ઞાતિના વાડાઓ જેવું હતું. સાળખાતામાં મુસલમાનો કામ કરે તેમજ પાટીદારો વગેરે ઉચ્ચ વર્ણના કારીગરો પણ કામ કરે, પણ કોઈ હરિજનને દાખલ થવા ન દે. એટલે ગાંધીજીએ સમક્ષ આ પરિસ્થિતિની છણાવટ કરી અને સફાઈનો ઈજારો ન રાખવા વિષે અનુરોધ કર્યો. વળી સફાઈકામને વેઠરૂપ નહીં પણ સેવા તરીકે કરવા જણાવ્યું. મદ્યનિષેધના કાર્યને વેગ આપવા તથા કરજથી દૂર રહેવા કહ્યું અને મહાજનનો ખરો અર્થ પણ સમજાવ્યો, " મહાજનનો અર્થ એ છે કે તમારે પોતાનો સુધારો કરવો, પૈસાને સાચવતાં શીખવું, હિસાબ રાખતા શીખવું."

**(6) હરિજનોને માટે પાણીના કૂવા –**

હરિજનોને પડતી જાતજાતની હાડમારીઓમાં તેમને કૂવાઓમાંથી પાણી ભરવા દેવામાં આવતું નથી. ગાંધીજીએ કહ્યું કે સરકારે હરિજનોને વિષેની પોતાની નીતિ જલદીથી જાહેર કરી તેમને પડતી આ જાતની હાડમારીઓ કાયદાની મદદથી દૂર કરવી જોઈએ. કેટલાક પ્રાંતમાં તો કૂવામાંથી પાણી ભરવાની વાત તો આઘી રહી, તેમને કૂવા ખોદવાને માટે જમીન મેળવવાના પણ સાંસા પડે છે. માટે જ્યાં તેમને સાર્વજનિક કૂવાઓમાંથી પાણી ભરવાની છૂટ ન હોય, ત્યાં સરકાર હરિજનોની વસ્તીને માટે પોતાને ખરચે કૂવા બંધાવી આપે અને કંઈ નહીં તો પોતાના કૂવા ખોદાવવાને માટે જમીન અપાવવાનો અથવા આપવાનો કાયદો કરે. કેટલાંય ગામોમાં હરિજનોની ખૂબ ઈચ્છા હોવા છતાં, તે લોકો પોતાને ખર્ચે પણ કૂવા કરાવી શકતા નથી. ક્યાંક ક્યાંક સરકારે હરિજનોને માટે કૂવા ખોદાવવા માંડ્યા છે, પણ તે બિલકુલ પૂરતાં નથી. દરેક પ્રાંતિક સરકારની ફરજ છે કે, લોકોને માટે પીવાના પાણીનો બંદોબસ્ત કરે. આમ, હરિજનોને માટે અલગ રીતે પાણીના કૂવા કરાવવા એ સરકારનું મહત્ત્વનું રચનાત્મક કાર્ય ગણાયું.

**(7) આશ્રમની આહુતિ –**

અમદાવાદનો સાબરમતી આશ્રમ એ ગાંધીજીનું વહાલામાં વહાલું કામ હતું. જિંદગીભરના તપની એ કમાણી હતી. મગનલાલ ગાંધી જેવા અનેકે એની ખિલવણીમાં જાત ઘસી નાખી હતી. સ્વરાજયજ્ઞમાં આ આશ્રમની આહુતિ આપવાનો ગાંધીજીએ નિર્ધાર કર્યો. આશ્રમવાસીઓને એકઠા કરીને કહી દીધું, " હું આશ્રમને આ યજ્ઞમાં હોમી દેવા માંગુ છું. તમારામાંથી જેમને મારી સાથે જેલમહેલમાં આવવું હોય તે ચાલો, બાકીના ઠીક પડે ત્યાં વેરાઈ જાઓ. " બત્રીસ આશ્રમવાસીઓએ ગાંધીજી સાથે લડતમાં જવાનો નિર્ણય કર્યો. ગાંધીબાપુના ગયાં પછી આશ્રમ પ્રાણ વિનાના ખોળિયા જેવો સૂનો પડ્યો. એના એ વૃક્ષો હતાં, એના એ મકાનો હતાં. આખો આશ્રમ જાણે ખાવા ધાતો હોય તેવો સુનકાર લાંબા વખત સુધી પડ્યો રહ્યો. સરકારની પણ એની ઉપર હાથ નાખવાની હિંમત ચાલી નહીં. આખરે ગાંધીજી છૂટ્યા પછી અસ્પૃશ્યતા નિવારણ અર્થે હરિજન સેવક સંઘની સ્થાપના કરી અને આશ્રમ, સંઘને અર્પણ કર્યો. ગાંધીબાપુનો એ આશ્રમ હરિજન આશ્રમ બન્યો અને ત્યાં ગુજરાત હરિજન સેવકસંઘનું સેવાકાર્ય ચાલુ થયું.

**(8) હરિજન પ્રવાસ –**

ગાંધીજીએ હિન્દુસ્તાનના એક છેડેથી બીજા છેડા સુધી, પ્રાંતેપ્રાંતમાં, શહેર અને ગામડાઓમાં આભડછેટ ટાળવાને, હરિજન સેવાના કામને વેગ આપવા પ્રવાસ કરવાનું નક્કી કર્યું. વર્ધા શહેરમાં બે મંદિરો હરિજનો માટે ખુલ્લાં મૂકી પ્રવાસની શરૂઆત કરી. વર્ધાથી નાગપુર ગયા. નાગપુરમાં વિરાટ સભા મળી. ગાંધીજીએ ભાષણ કરતાં કહ્યુ, " આભડછેટ એ હજાર મોઢાવાળો રાક્ષસ છે. હિંદુના હૈયામાંથી એ કાળી ટીલી નીકળી જાય તો હિન્દુમુસલમાન, પારસી, ખ્રિસ્તી દરેક જાતના આપણે સૌ એક છીએ એમ લાગશે. આભડછેટ નાબૂદ થાય તો દુનિયામાં વેરઝેર વધેલા છે અને ભાઈભાઈ ગળાં કાપે છે. તેમને હિંદુસ્તાન પ્રેમનો પાઠ ભણાવી શકશે. આ રીતે

જોશો તો તમને સમજાશે કે આ કેવડી મોટી બાબત છે અને હવે તમે સમજી શક્યા હશો કે મેં આ કામ માટે મારા પ્રાણ સાથી હોડમાં મૂક્યાં હતાં." આમ એકપછી એક સભાઓમાં ગાંધીજીએ આભડછેટ સામે બુલંદ પડકાર કર્યો. રચનાત્મક કાર્ય રૂપે હરિજન પ્રવાસમાં હરિજન કાર્ય માટે લોકો પાસેથી ગાંધીજીએ દાન માગવાનુ શરૂ કરેલ. આ અંગે નાનામોટા અનેક યાદગાર રચનાત્મક કાર્ય થયેલા.

**(9) હરિજન કાર્ય શ્વાસ સમાન –**

ગાંધીજી નજરકેદ હતા ત્યારે તેમને હરિજન કામ માટે મુલાકાતો, પત્રવ્યવહાર વગેરેની છૂટ હતી. આ વખતે સરકારે તેવી છૂટ ન આપી. કારણ બતાવ્યું – તમે રાજકેદી નથી, સાધારણ કેદી છો !

હરિજન કામ તો ગાધીજીને શ્વાસ સમાન હતું. તેમણે સરકારને જણાવ્યું – પહેલાની માફક હરિજન કામ કરવાની મને છૂટ મળવી જોઈએ. એ કામ વિના મારું જીવન નકામું છે. તેજ દિવસથી ઉપવાસ શરુ કર્યા.

વાઈસરૉયે જવાબ વાળ્યો – એ કામ વિના જીવતર નકામું લાગતું હોય તો તમને એને માટે છોડી મૂકીએ. શરત એટલી કે તમારે બીજું રાજકીય કામ ન કરવું !

ગાંધીજી શરત સ્વીકારવા તૈયાર ન હતા. ઉપવાસ ચાલુ રહ્યા. એક, બે, ત્રણ, ચાર દિવસ વિત્યા. પાંચમે દિવસે તબિયત લથડવા માંડી. દેશમાં ચિંતાના વાદળ ઘેરાયા. તબિયત વધારે લથડવા લાગી. તેથી સરકારે ગાધીજીને જેલમાંથી ખસેડ્યા. પૂનાની સાસૂન ઈસ્પિતાલમાં રાખ્યા. કસ્તૂરબાને સાબરમતી જેલમાંથી છૂટાં કરી સારવાર માટે પૂના બોલાવ્યા. ગાંધીજી શાંતીથી વેદના સહી રહ્યાં હતા. હરિજન કામ કરવાની છૂટ મળે અથવા દેહ પડે. એમના અંતરની એક જ પ્રાર્થના હતી કે – સરકારને પણ સારી બુદ્ધિ સુઝજો !

સરકાર ઉપર તાર ઉપર તાર જતા હતા – ગાંધીજીની માંગણી સાચી છે. તેમને હરિજન કામ કરવાની છૂટ આપો. વિલાયતની વડી સરકાર ઉપર પણ તાર સંદેશા પહોંચ્યાં.

આખરે સરકારે નમતું મૂક્યું. ગાંધીજીને બિનશરતે છોડી મૂક્યા. ગાંધીજીએ આઠમે દિવસે પારણા કર્યા. દુનિયાની બળવાનમાં બળવાન ગણાતી સલ્તનતને ફરી એકવાર સત્યને ચરણે નમવું પડ્યું. ફરી એકવાર પશુબળ ઉપર આત્મબળનો વિજય થયો.

**(10)હરિજન સેવક સંઘ –**

પ્રવાસમાં ગાંધીબાપુની ઝોળીમાં આઠ લાખ જેટલા રૂપિયા મળ્યા હતા. હરિજનોની સેવા કરવા અને આભડછેટ નાબૂદ કરવા ગાંધીજીએ હરિજન સેવક સંઘની સ્થાપના કરી અને આઠ લાખ રૂપિયા તેને સુપરત કર્યા. પ્રાંતેપ્રાંતમાં સંઘની શાખાઓ સ્થાપી અને તેનું વડું મથક દિલ્હીમાં રાખ્યું. સંઘનો સઘળો કારભાર દલિતસેવક ઠક્કરબાપાને સોંપ્યો. રચનાત્મક કાર્યક્રમો દ્વારા અસ્પૃશ્યતા નિવારણ અર્થે ગાંધીજીએ નવી દિશા દર્શાવી.

**(11)સામાજિક ક્રાંતિ –**

ઘણીવાર આપણને અને ખાસ કરીને આઝાદી પછી ઉછરેલી પેઢીને આ બધા કાર્યક્રમો ફિક્કા લાગે. તેમને એમ થાય કે ગામમાં જઈ ઝાડુથી સફાઈ કરવી, તેમાં કઈ ક્રાતિ છે ? એ કામ તો માણસ રોકીને પણ થઈ શકે. પણ બ્રાહ્મણ કે વાણિયાનો દીકરો ઝાડુ લઈને ગામની શેરી વાળે, તેમાં કેવી મોટી સામાજિક ક્રાંતિ છે, એ તો જેણે ગુલામીકાળમાં સફાઈ કરી હોય તે જ જાણે.

આપણા સમાજમાં દરેક કામ જ્ઞાતિ સાથે જોડાઈ ગયુ હતું. બ્રાહ્મણ ભણાવે અને હરિજન વાળે. એનું પરિણામ એ આવ્યું કે હરિજન સિવાયના બધા સમાજમાં ગંદકી વધારે ને હરિજન એ મેલું ઉપાડે. બીજુ પરિણામ એ આવ્યું કે સમાજને ઉપયોગી કામ કરતાં કરતાં તે સમાજમાં એટલી હદે તરછોડાઈ ગયા કે હરિજન સુદ્ધાં હરિજનને હલકો માને ને તેની સાથે વહેવાર ન રાખે. આપણો આજનો સમાજ ઊંચનીચમાં વહેંચાઈ ગયો. દરેક માણસ પોતાને બીજા કરતાં ઊંચો માનવા લાગ્યો ને જેને નીચો ગણ્યો, તેના તરફ ધૃણાથી જોવા લાગ્યો.

ગાંધીજીએ બ્રાહ્મણના હાથમાં ઝાડુ આપ્યું ને મેલું સાફ કરવાની ડોલની દીક્ષા આપી. હાથમાં ઝાડુને મોઢામાં ગીતા-ઉપનિષદના શ્લોક, એ ગાંધીજીની સામાજિક ક્રાંતિ હતી. એટલે એ કાર્યક્રમો સાદા હતા, પણ એની ક્રાંતિની તાકાત અણુબોમ્બથી પણ વધુ હતી.

**4.સારાંશ –**

ગાંધીજીની માન્યતા એ હતી કે ખરી શક્તિ પ્રજામાં રહેલી છે અને એમણે અમલમાં મૂકેલા રચનાત્મક કાર્યક્રમો લોકોની શક્તિને મજબૂત બનાવવા માટે છે. તેઓ માનતા કે કાયમી અને તંદુરસ્ત અભિવ્યક્તિ અંદરથી પેદા થાય છે અને તે માટેનું આંતરિક બળ રચનાત્મક કાર્યક્રમ દ્વારા પૂરું પડાતું હતું. આ કાર્યક્રમો શિક્ષિત વર્ગો અને વિરાટ જનસમુદાયો વચ્ચેની ઊંડી ખાઈ પૂરવાનો પ્રયાસ કરતા હતાં. “ જ્યાં સુધી પ્રત્યેક એકમને અન્ય પ્રત્યેક જીવ સાથે એકત્વની જીવંત અનુભૂતિ થાય નહિ ત્યાં સુધી આપણે માટે એક અંગભૂત રાષ્ટ્ર હોવાના દાવાની કોઈનેય ખાતરી કરાવવાનું કેટલું બધું મુશ્કેલ છે. ” આ જ કારણને લીધે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમોમાં અસ્પૃશ્યતા નિવારણની ખાસ સામેલગીરી રાખવા ઠરાવ્યું.

આપણે અસ્પૃશ્યતાના માઠાં પરિણામને કાયદા વડે નાબૂદ ભલે કરીએ અને કરીશું જ પણ જ્યાં લગી હ્રદયમાંથી આભડછેટની ભાવના ન કાઢે ત્યાં લગી આપણે સાચી સ્વતંત્રતા મળી શકવાની નથી. આમ વર્ગના લોકો હ્રદયમાંથી અસ્પૃશ્યતા ભૂંસી ન નાખે ત્યાં લગી તેઓ એકતાના ભાવથી ને એક હ્રદયથી કદી કામ કરી શકવાના નથી. ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો દ્વારા અસ્પૃશ્યતા નિવારણના માર્ગો દર્શાવ્યા છે પણ આપણે સૌ તેનો અમલ કરીશું તો જ તે શક્ય બનશે. બાપુની અંતરવેદનાને આપણે સમજીએ ને આપણા લોહીમાં પડેલી આ અસ્પૃશ્યતાને જડમૂળથી ઉખેડી કાઢવાના પ્રયત્નમાં લાગીએ. એ વગરનું ભારત એ ભારત નથી.

માત્ર કાયદાઓથી આ નહીં થાય. પ્રજાજીવનમાં સાચી સમજ કેળવીએ તે તરફ જવાની ગતિ કરવાથી જ આ પ્રશ્નનો સાચો ઉકેલ લાવી શકાશે.

**સંદર્ભસૂચિ –**


1. કાકા કાલેલકર (1968) આશ્રમની બહેનો, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર..
2. જાની ગૌરાંગ (2013) આયનામાં સમાજ, રાજકોટ: ફૂલછાબ પ્રકાશન.
3. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદ: યુનિ.ગ્રંથ.બોર્ડ, ગુજરાત રાજ્ય.
4. ગાંધી મોહનદાસ (2012) મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
5. ગાંધી મોહનદાસ (2012) ગ્રામ સ્વરાજ, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
6. ગાંધી મોહનદાસ(2014) સત્યનાપ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
7. ગાંધી મોહનદાસ (1940) ગાંધી વિચાર દોહન, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
8. ગાંધી મોહનદાસ (2009) રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
9. દેસાઈ નારાયણ (2008) મારા ગાંધી, સુરત: સાહિત્ય સંગમ.
10. પટેલ મગનભાઇ (2013) ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ: યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
11. પંચાલ હસમુખ (2019) મહાત્મા ગાંધીજીનું સમાજદર્શન, અમદાવાદ: અનડા બુક ડીપો.
12. મોદી રમણ (1977) રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
13. વાઘેલા અનિલ (2015) સ્વચ્છતાના સમાજશાસ્ત્રનું સ્વરૂપ, દિલ્હી: કલ્યાણ પબ્લિકેશન્સ.
14. શાહ ગુણવંત (2007) ગાંધીના ચશ્મા, અમદાવાદ: આર.આર.શેઠની કંપની.
15. શાહ દશરથલાલ (1988) રચનાત્મક કાર્યક્રમ-આજના સંદર્ભમાં, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.